ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૯૪-૩૬૨૫

અગત્યનું

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૧૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- અત્રેની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિદ્યાર્થીઓનો તણાવ ઘટાડી શકાય તે હેતુથી ધોરણ-૯ થી ૧૨ ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે:-

શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯, ૧૦, ૧૧(વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ), ૧૨(સામાન્ય પ્રવાહ)માં પરીક્ષાના પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૩૦% અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ ૭૦% જેટલું કરવામાં આવે છે. અગાઉ હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ ૨૦% સુધી હતું. ધોરણ-૧૨ (વિ.પ્ર.)માં ૫૦% હેતુલક્ષી પ્રશ્નો (OMR પદ્ધતિ) અને ૫૦% વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ યથાવત રહેશે. આ ઉપરાંત ધોરણ-૯ થી ૧૨ માં પ્રશ્નપત્રમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ઇન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન આપવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ નાં વિષયોના સુધારેલ અભ્યાસક્રમ મુજબ પ્રકરણ દીઠ ગુણભાર, પ્રશ્નપત્રનું માળખું અને પરિરૂપ ની વિગતો તેમજ ધોરણ-૯ અને ૧૧ ના વિષયોના સુધારેલ અભ્યાસક્રમ મુજબ પ્રકરણદીઠ ગુણભાર અને પ્રશ્નપત્રના માળખાની વિગતોની જાણ ટૂંક સમયમાં કરવામાં આવશે.

શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે ધોરણ-૯ થી ૧૨ ની શાળાકીય પરીક્ષાઓના પ્રશ્નપત્રો શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે. પરીક્ષા પદ્ધતિમાં કરેલ ફેરફાર કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે વર્ષ-૨૦૨૦/૨૧ ના શૈક્ષણિક વર્ષમાં જ અમલમાં રહેશે, જેની તમામે નોંધ લેવી.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની મા/ઉ.મા. શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા. ૨૦/૧૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની તમામ મા. અને ઉ.મા. શાળાઓ તરફ
વ/- જાણ તથા અમલ સારૂ....

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.